# ॥ અકાદમીવૃત્ત ॥

## હર્ષદ ત્રિવેદી

### યુવાગૌરવ પુરસ્કાર ૨૦૧૨ અશોક ચાવડાને અર્પણ થયો



ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિ વર્ષ, કોઈ એક સાહિત્યસર્જકનું યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કરીને સન્માન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨નો યુવા ગૌરવ પુરસ્કાર નવોદિત કવિ-લેખક શ્રી અશોક ચાવડાને અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૨૭-૧૨-૨૦૧૩ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, ભાઈકાકા ભવન, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે રમતગમત-યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના માન. મંત્રીશ્રી રમણભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વરદ્હસ્તે શ્રી અશોક ચાવડાને રૂ. ૫૦,૦૦૦/-નો ચેક, શાલ, સન્માનપત્ર તથા માળા અર્પણ કરવામાં આવ્યાં હતાં.

વિભાગના સચિવ અને કવિશ્રી ભાગ્યેશ જહાએ શ્રી અશોક ચાવડાની સાહિત્યિક પ્રતિભાને બિરદાવી હતી અને પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું. આ સમારંભમાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ચિત્રકલા, શિલ્પકલા અને છબિકલાક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર કલાકારોને ગૌરવ પુરસ્કાર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભમાં એલિસબ્રિજ વિસ્તારના ધારાસભ્ય માન. શ્રી રાકેશભાઈ શાહ, ર.ગ.યુ.સે. કમિશનરશ્રી કે. ડી. કાપડિયા તથા ખેડા જિલ્લા કલેક્ટરશ્રી લાંગાસાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

ચિત્રકલાક્ષેત્રે સર્વશ્રી નંદુભાઈ રાઠવા, શ્રીમતી તૃપ્તિ દવે, તથા રાજુ પારેખને, શિલ્પકલાક્ષેત્રે દીપક કન્નલ, નરોત્તમ લુહાર તથા મગજી મોણપરાને તથા છબિકલાક્ષેત્રે વિવેક દેસાઈ, રાહુલ ગજ્જર તથા વરુણનાથ માયરાને સન્માનવામાં આવ્યા.

કાર્યક્રમના આરંભે લલિતકલા અકાદમીના સચિવશ્રી મનોજ શુક્લએ સહુનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું. અને અંતે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદીએ આભારદર્શન કર્યું હતું. ❑